GOVERNMENT ENGINEERING COLLEGE
Shamlaji Road, Modasa (Gujarat State, INDIA) - 383 315
સરકારી ઇજનેરી કોલેજ
શામળાજી રોડ, મોડાસા-(ગુજરાત રાજ્ય, ભારત.)-૩૮૩ ૩૧૫
Ph : 02774-242634 Fax : 02774-242633
website : www.gecmodasa.ac.in email: gec-modasa-dte@gujarat.gov.in. modasa_engg@yahoo.co.in

Ref. No. :GECM/ઓફ લાઇન ટીચિંગ ૫ – ૭ સેમિસ્ટર / Date : ૧૪/૦૭/૨૦૨૧

# નોટીસ

## બી.ઈ. ૫ તથા ૭ સેમિસ્ટર નાં વિદ્યાર્થી ઓ નાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બાબત

સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ તા: ૯/૦૭/૨૦૨૧ નાં આદેશ અનુશાર સરકારી ઈજનેરી કોલેજનાં ૫ તથા ૭ સેમિસ્ટર માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું કોલેજ ખાતે પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. સદર આદેશનાં અનુશંધાને જણાવવાનું કે સરકારી ઈજનેરી કોલેજ- મોડાસાનાં ૫ તથા ૭ સેમિસ્ટર માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ નું કોલેજ ખાતે પ્રત્યક્ષ(ઓફલાઈન) શૈક્ષણિક કાર્ય **તા: ૧૫/૦૭/૨૦૨૧ ને ગુરુવાર** થી નીચે મુજબ ની શરતો ને આધિન શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.**પ્રત્યક્ષ(ઓફલાઈન) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થીઓ માટે મરજિયાત રહેશે.તથા જે વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ પ્રત્યક્ષ(ઓફલાઈન) શિક્ષણ કાર્યમાં ન જોડાય તેવા વિદ્યાર્થીઓ માટે અગાઉની જેમ ઓન લાઈન શિક્ષણ ચાલુ રહેશે.**

1. સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર)નું પાલન કરવાનું રહેશે.
2. સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ નાં આદેશ અનુશાર ૫ તથા ૭ સેમિસ્ટરનાં જે વિદ્યાર્થીઓ કોલેજ ખાતે પ્રત્યક્ષઓ(ઓફલાઈન) શૈક્ષણિક કાર્ય કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી તથા વાલીનુ તેઓનાં પાલ્ય/પુત્ર/પુત્રીને પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવાની સંમતી પત્રક રજુ કરવુ અનીવાર્ય છે.
3. **વિદ્યાર્થી જ્યારે સંસ્થામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે આવે ત્યારે વિદ્યાર્થી તથા વાલીની સહી સાથેનું સંમતી પત્રક સંસ્થામાં અચૂક રજુ કરવાનું રહેશે.** સંમતી પત્રકનો નમુનો સંસ્થાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
4. સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ નાં આદેશ અનુશાર વર્ગખંડ માં પ્રત્યક્ષ(ઓફલાઈન ) શૈક્ષણિક કાર્ય માટે આવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના તથા અન્ય વિદ્યાર્થીઓ નાં વિશાળ હિતમાં અગાઉ થી **ફરજિયાત વેક્સિનેશન કરાવી લેવાનું રહેશે. વિદ્યાર્થી જ્યારે સંસ્થામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે આવે ત્યારે વેક્સિનેશન નું પ્રમાણપત્ર સંસ્થામાં અચૂક રજુ કરવાનું રહેશે.** અપવાદ કિસ્સા માં કોઈ વિદ્યાર્થી દ્વારા ગ્રાહય રાખવાપાત્ર તબીબી કારણોસર વેક્સિન નાં લીધેલ હોય તો જરૂરી તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
5. હોસ્ટેલમાં રહેવા માટે તેમજ કેન્ટીન, મેસ અરિયા વગેરે અંગે સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ દ્વારા હાલ માં કોઈ માર્ગદર્શિકા આપેલ ન હોઈ **હોસ્ટેલમાં રહેવા ,કેન્ટીન તેમજ મેસ ની કોઈ સગવડ ઉપલબ્ધ નથી.**

6. કોલેજ ખાતે પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે આવનાર વિદ્યાર્થીઓએ નીચેની બાબતોનુ ખાસ ધ્યાન રાખવાનુ રહેશે.

- વિદ્યાર્થીઓએ ફેસ માસ્ક ફરજીયાત યોગ્ય રીતે પહેરવાનું રહેશે તેમજ covid-19 સંદર્ભે ઉચિત વર્તણુક નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા સોસીયલ ડિસટંન્સનુ પાલન કરવાનુ રહેશે.
- વિદ્યાર્થી કોલેજ ખાતે આવે ત્યારે પોતાની સાથે સેનીટાઇજર તથા પીવાના પાણીની બોટલ સાથે રાખવાની રહેશે.
- કોલેજ કેમ્પસમા વિદ્યાર્થીઓએ ભેગા થવુ નહી તથા વસ્તુઓની આપલે કરવી નહી.
- શૈક્ષણિક કાર્ય સમાપ્ત થતા જ વિદ્યાર્થીએ કોલેજ કેમ્પસ તુરંત ખાલી કરવા નુ રહેશે.

આચાર્યશ્રી
સરકારી ઇજનેરી કોલેજ
મોડાસા